# "કબૂલાતનામું" - પુત્રીના મુખે પિતાની આત્મકથા

**ડૉ. પારસ એન. ખમાર**
(ગુજરાતી વિભાગ) બી.ડી.એસ. આર્ટ્સ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, પાટણ.

Received: April 12, 2019 Accepted: May 19, 2019

ગુજરાતી નવલકથાના ક્ષેત્રમાં ડૉ. કેશુભાઈ દેસાઈનું નામ હવે નવું નથી, પણ નોંધપાત્ર છે. સમયાન્તરે તેમની પાસેથી નવલકથાઓ મળતી રહી છે. તેમાં 25મી નવલકથા તરીકે કબૂલાતનામું' 2013માં પ્રગટ થાય છે. પુત્રી રેણું પિતા પ્રતાપના મૃત્યુ તેમનાં સંસ્મરણો વાગોળતાં તેમની આત્મકથા સ્વરૂપે આ નવલકથાનું પોત વણાયેલું છે.

પિતા પ્રતાપ રેણુંના જન્મ પછી વિધુર બને છે. રેણુંના માતા-પિતા બંનેની ખોટ પૂરી કરતાં ઉછેરી મોટી કરે છે. હળવાશની પળોમાં બગીચામાં ટહેલે છે. નવલકથાનાં આરંભે એમ જ બગીચામાં બાંકડે બેઠેલો નાયક ઝાડ પાછળ કોઈ છુપાઈને ઇશારે યુવતીના બોલાવતાં દોરવાય છે. બાગના અનેક રંગ રૂપો પૈકીનું એકરૂપ તે કામ, કામ-જાતીયતા આવા કહેવાતા નગરજીવનનાં બાગ-બગીચામાં ભાત ભાતની રીતે જોવા મળે છે. નાયક પ્રતાપ ધીમ-ધીમે અપ્સરા નામની સ્ત્રીનાં પરિચયમાં આવે છે ને એ પરિચય પછી જાતીય અધ:પતનમાં પરિણમે છે. નાપક પ્રતાપ ઑફિસમાં પરસ્પરના રાગ-દ્વેષના કારણે નોકરીમાંથી બરતરફ થાય છે ને આર્થિક રીતે લાચાર બને છે. બીજી તરફ તેવી જ રીતે અપંગ પતિની સેવા કરતી કામથી અતૃપ્તસ્ત્રી પ્રતાપ સાથે શરતે જોડાય છે. પ્રતાપ સમક્ષ વારંવાર મૃત પત્નીનું મરણ ને યૌવનમાં પગ મૂકતી પુત્રીની લાચારી વચ્ચે પોતાની અતૃપ્ત કામના ને સાથે આર્થિક લાચારીથી બચવા પાપપુણ્યના ઢાંચા તોડી આગળ વધે તે આ નવલકથાનું વિષયવસ્તુ છે.

આ નવલકથાનું મુખ્ય પાત્ર મધ્યમવર્ગીય પ્રતાપનું છે. સાથે સાથે અપ્સરા, રેલું તથા જેની સાથે બે વર્ષ કરારથી જોડાવાનું છે તેવી ભદ્ર સમાજની સનદી અધિકારીની પત્ની નોંધપાત્ર છે. અહીં સર્જક કેશુભાઈ પાત્રોની વિશાળ જટાજૂથમાં પડ્યા નથી, ટૂંકીવાર્તામાં હોય તેવી ને તેટલી જ પાંખી પાત્ર સૃષ્ટિ અહીં જોવા મળે છે.
સંઘર્ષની દૃષ્ટિએ વિચારીએ તો અહીં નાયક પ્રતાપનો આંતર-બાહ્ય સંઘર્ષ કૃતિને ગતિ આપે છે. સમાજ-સભ્યતાનાં જડ ને બિહામણા નિયમની વચ્ચે પરસ્ત્રીગમન કરતાં સુધીનો પ્રતાપનો સંઘર્ષ નોંધપાત્ર બને છે.

આ નવલકથાનું ભાષા પોત સીધા-સાદા કથન સ્વરૂપે છે. વચ્ચે વચ્ચે ધર્મશાસ્ત્રો, વેદો, ઉપનિષદો વગેરેનાં ચિંતનો, પાપ-પુણ્યના સંદર્ભો વગેરેથી ખચિત છે. વચ્ચે-વચ્ચે ગુજરાતી કહેવતો, રૂઢિપ્રયોગો ને કાવ્યપંક્તિઓ અહીં અત્ર-તત્ર જોવા મળે છે. જેમકે,

**'આગે ભી જાને ન તૂ**
**પીછે ભી જાને ન તૂ**
**જો કુછ છે, બસ યહી એક પલ હે.'**
**'એસી બાની બોલિયે મન કા આપા ખોય**
**ઔરન કો શીતલ કરે, આપ હિ શીતલ હોય.'**

આ ઉપરાંત અનેક ચિંતન કણિકાઓ પણ આ નવલકથામાં પ્રગટે છે.

રસની દૃષ્ટિએ વિચારીએ તો આ નવલકથા કરુણ-શૃંગારમિશ્રિત નવલકથા બને છે. નાયક પ્રતાપે કરેલી કબૂલાત તેણે કરેલા જાતીય સ્ખલનોની છે પણ તેની પડખે છે સતત બંનેની લાચારી, વેદના ને જરૂરિયાતો એ રીતે મુખ્ય રસ કરુણ ને તેની પડખે સતત હળવો શૃંગાર પ્રગટતો જોઈ શકાય છે.

સર્વત્ર રીતે જોતાં વિષયવસ્તુને મૂલવવા નગરજીવનમાં મધ્યમવર્ગની લાચારીને પ્રગટાવતી આ લઘુનવલ વાસ્તવિક નવલકથા બનવાની ક્ષમતા ધરાવે છે. છેલ્લા દશકામાં માનવમૂલ્ય ને પલટાતા જીવનમાં દેહવિક્રય અને તે પણ પુરુષ કરે તે જાણીતું હતું. પરંતુ નવલકથાના સ્વરૂપમાં લાવવાની હિંમત ડૉ. કેશુભાઈ કરી શક્યા તે નોંધપાત્ર બાબત છે.

કદની દૃષ્ટિએ આ નવલકથા કેટલાક પ્રશ્નો ઊભા કરે, લાબી-ટૂંકીવાર્તાના માપદંડે, ખરી ઉતરતી આ નવલકથા સ્વરૂપની દષ્ટિએ ઊણી ઉતરતી લાગે, તેમજ ટૂંકીવાર્તા કરતાય ઓછા પાત્રો લઘુનવલનો ભાર ઉપાડી શકતા નથી તેવું પણ લાગ્યા કરે છે.

નવલકથામાં આંતરચેતના પ્રવાહ જેવું ઓછું છે. નાયક, નાયિકા, રેણુ વગેરેનાં સંવાદો, વર્ણનો કે વસ્તુનું પોત ઉપર-ઉપર કે છીછરાપણાનો ભાવ જગાડે છે. કથામાં ગહન ઊંડાણ કે હચમચાવી નાખનારી ક્ષણો નો અભાવ નવલકથા વિશેષતા અર્પી શકતી નથી. છેલ્લે ડૉ. કેશુભાઈએ જ આરંભે પોતાના વિશે પૂછેલા પ્રશ્નોથી વિરમુત

'આશરે ચાર દાયકાના પ્રલંબ પટ પર પથરાયેલી સર્જનયાત્રાના ખાસ પડાવ પર પહોંચ્યા પછી મને નવાઈ લાગે છે : આટલું બધું લખી દીધા પછી ‘કબૂલાતનામું” જેવી ટચૂકડી લઘુનવલ લખવાની શી જરૂર હતી ?'